# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ,રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:-

## રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ મંડળ સત્તામંડળ દ્વારા આજે તા. ૦૧/૦૧/૨૦૨૧ના રોજ રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે રૂ. ૧૧૨.૩૧ કરોડના જુદા જુદા વિવિધ પ્રોજેક્ટનુ લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

તારીખ: ૦૧-૦૧-૨૦૨૧




રાજકોટ મહાનગરપાલિકા તથા રાજકોટ શહેરી વિકાસ મંડળ સત્તામંડળ દ્વારા આજે તા.૦૧/૦૧/૨૦૨૧ ના રોજ પરશુરામ મંદિરધામ પાસે, રૈયાગામ પાછળ, રૈયા રોડ રાજકોટ ખાતે

યોજાયેલ કાર્યક્રમમાં રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે રૂ. ૧૧૨.૩૧ કરોડના જુદા જુદા વિવિધ પ્રોજેક્ટનુ લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ અવસરે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા)ના ૧૧૨ કરોડના વિવિધ પ્રોજેક્ટના લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, કોરોનાકાળમાં વર્ષ ૨૦૨૦માં કોરોનાનું સંક્રમણ રોકવા કોરોના પોઝીટીવ દર્દીની દર્દીને સારવાર આપવાની અંગેની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રજાના સાથ સહકારથી સરકારે કોરોનાની સ્થિતિમાં કામગીરી કરી છે. આપત્તિને અવસર બનાવ્યો છે. આપણી ઇકો સિસ્ટમ હેમખેમ રાખી કોરોનાકાળમાંથી બહાર આવ્યા છીએ. સમગ્ર દેશ માટે ૨૦૨૦નું વર્ષ ચિંતાનો વિષય હતો. ભારતમાં માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ લડત કરી દેશનો વિકાસ અટકાવવા નથી દીધો. નવું વર્ષ ૨૦૨૧ વિકાસનું હરણફાળ ભરનારું વર્ષ હશે. બે માસમાં ગુજરાતે વિશ્વકક્ષાએ ગૌરવ પ્રાપ્ત કરાતા પ્રોજેક્ટ સાકાર કર્યા છે. માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા કચ્છ રીન્યુઅલ ઉર્જા પાર્ક, એશિયાનો સૌથી મોટો રોપ-વે, સમગ્ર દેશમાં કિશાન સૂર્યોદય યોજના આપતું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું. ખેડૂતોના હિત માટે માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા ૧૦૫૫ ગામોમાં દિવસે લાઈટ આપવાની વ્યવસ્થા કરી જેનાથી ખેડૂતો રાત્રે આરામ કરી શકે. હવે ૨૫૦૦ ગામોમાં દિવસે લાઈટ આપવાનો પ્રોજેક્ટ કાર્યરત કરેલ છે જે જ્યોતિગ્રામ પછીની સૌથી મોટી યોજના છે. આપણા દેશના માન. પ્રધાનમંત્રી શ્રીએ ભારતમાં પ્રથમ રો-રો ફેરી સુરત થી ભાવનગર વચ્ચે શરૂ કરાવી તેમજ સી-પ્લેન શરૂ કરતુ રાજ્ય ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ બન્યું હતું.

હાલમાં ૧૨૦૦ કરોડના ખર્ચે પ્રધાનમંત્રીશ્રીએ AIIMSનું ખાતમુહૂર્ત કર્યું જે કામગીરી ૨૨ માસમાં પૂર્ણ થશે. AIIMS બનવાથી આરોગ્ય બાબતે ગુજરાતમાં સારી સેવા મળી શકશે. આવી જ રીતે વિવિધ ક્ષત્રે ભાઈઓ-બહેનોની ચિંતા કરી અનેક યોજનાઓ અમલી કરી છે. આ ઉપરાંત છેલ્લા ૩ વર્ષમાં ટેકાના ભાવે ૧૭૦૦૦ કરોડ રૂપિયાની કૃષિ પાકોની ખરી ખરીદી કરી છે. ખેતી સારી તો ખેડૂત સુખી, ખેડૂત સુખી તો ગામડું સુખી અને ગામડું સુખી તો શહેરો સુખી. રાજ્ય સરકારે ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસ અને ઇઝ ઓફ લીવીંગનો અભિગમ અપનાવેલ છે. પર પ્રાંતના લોકો ગુજરાતમાં રહેવા ઇચ્છુક બનવા લાગ્યા છે. ગુજરાત રહેવાલાયક અને જીવવાલાયક રાજ્ય બની રહે તે માટે કડક કાયદાઓ અમલમાં મુક્યા છે. લેન્ડ ગ્રેબિંગ સામે કડક કાયદો, દારૂબંધીનો કડક અમલ અને કાયદાનો ભંગ કરનાર સામે કડક પગલા, સામાજિક સુરક્ષા, ગુંડા સામે કાર્યવાહી વગેરે જેવા પ્રયાસો સતત થઇ રહ્યા છે. તો ગૌ વંશ હત્યા અટકાવવા માટે પણ કડક કાનૂન લાગુ કરવામાં આવેલ છે.તેથી ગૌવંશ હત્યા અટકી છે. ગુજરાત હવે ગાંધી અને સરદારનું રાજ્ય બન્યું છે.અત્યારે સમગ્ર રાજ્યમાં ૧૦,૦૦૦ જેટલા

સીસીટીવી કેમેરા સ્થાપી અસામાજિક તત્વો પર લગામ મૂકી છે. ભ્રસ્ટાચાર પર પણ લગામ લગાવવા એન્ટી કરપ્શન યુનિટને વધુ સાધનો અને સુવિધાઓથી સજ્જ કરવામાં આવેલ છે. અગાઉ ગુંડાઓથી ઓળખાતું રાજ્ય આજે હવે ગાંધી અને સરદારના રાજ્ય તરીકે ઓળખાય છે.સુશાસન વગર વિકાસ સમભાવ બની શકે નહિ.

વધુમાં માન. મુખ્યમંત્રીશ્રીઈ કહ્યું હતું કે, ગુજરાતના ૮૦૦૦ જેટલા ગામો ઇ-સેવાથી જોડાઈ ઓનલાઈન સક્રિય થયા છે ને બાકીના ગામો હવે ૩૧-માર્ચ સુધીમાં ઓનલાઈન થઇ જશે. રાજ્ય સરકારે વિકાસને તેજ રફતાર આપવા ૩ વર્ષમાં જ ૩૦૦ જેટલી ટીપી સ્કીમને મંજુરી આપેલી છે. જેના સારા પરિણામો આગામી પાંચ વર્ષમાં જ દેખાશે.

ગુજરાતના નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી યોગેશભાઈ પટેલે એમ કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં શ્રેણીબદ્ધ વિકાસ કાર્યો કર્યા છે. સાથોસાથ સરકારે લોકોને સામાજિક સુરક્ષા પ્રદાન કરવા કડક કાયદાઓ પણ અમલી બનાવેલ છે. આ ઉપરાંત કોરોના મહામારીમાં પણ લોકોને સંક્રમણથી બચાવવા અને સંક્રમિત લોકોને ત્વરિત સારવાર મળે તે માટે સરકારે દિવસ રાત જોયા વગર કાર્યો કરેલ છે. સરકાર બાંધકામ શ્રમિકોને બાંધકામ સ્થળે જવા આવવા રાહતદરના પાસ ની યોજના અમલમાં મૂકી છે.

ઈન્ડીયા જી.બી.સી. દ્વારા સમગ્ર દેશમાં માત્ર રાજકોટને ચેમ્પિયન એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

આ તકે મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી શ્રી યોગેશભાઈ પટેલ, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, પ્રદેશ ભાજપ અગ્રણીશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, પૂર્વ મેયરશ્રી બિનાબેન આચાર્ય, જિલ્લા કલેકટરશ્રી રેમ્યા મોહન અને પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ, હાઈસિંગ અને નિર્મળ ગુજરાત, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સેક્રેટરીશ્રી લોચન સહેરા અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ

આ ઉપરાંત આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૫માં અમૃત યોજના અંતર્ગત આજી ડેમ વિસ્તારના હીલ ગાર્ડન પાસેની ખુલ્લી જગ્યામાં લેન્ડ સ્કેપીંગ તથા ગાર્ડન , વોર્ડ નં.૦૩ માં રેલનગર વિસ્તારોમાં પાણીની ડી.આઇ. પાઇપ લાઇન , જળકુંભી (ગાંડી વેલ) વનસ્પતી દુર કરવા માટે **Aquatic Weed Harvester Cum Weed Removal** મશીન અને વોર્ડ નં.૧૪ માં કોઠારીયા રોડ પર આવેલ વોર્ડ ઓફિસ – ૧૪ (અ) માં નવી વોર્ડ ઓફિસનું લોકાર્પણ કરવામાં આવ્યું.

# રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

જયારે વોર્ડ નં. ૪માં ભગવતીપરા વિસ્તારમાં TP ૩૧ ના FP ૩૧/૪ ની ૨૬૨૦૧ ચો.મી. જગ્યામાં નવી શાળા બનાવવાનું કામ , કોઠારિયા સર્વે નં. ૩૫૨ પૈકીની જમીન ઉપર "સ્વચ્છ ભારત મિશન " અંતર્ગત નવું સેમી ક્લોઝડ ટાઇપ રીફયુઝડ ટ્રાન્સફર સ્ટેશન જરૂરી આનુસંગિક સુવિધા સાથે બનાવવાનું સીવીલ કામ, શહેરમાં ભાવનગર રોડ અમુલ સર્કલ નજીક આવેલ આજી ડેપો ખાતે નવા ઈલેક્ટ્રીક બસ ડેપોનું નિર્માણ, વોર્ડ નં.- ૧૦ કાલાવડ રોડ, આત્મીય કોલેજની બાજુમાં, હૈયાત ઈ.એસ.આર.ની બાજુમાં, નવાં ૩૦ લાખ લિટર ક્ષમતાંનો , ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટ ધરાવતો , ઈ.એસ.આર. તથા ન્યારી ફિલ્ટર પ્લાન્ટ થી ન્યારી ઈ.એસ.આર. સુધી , ૯૧૪ મી.મી. વ્યાસની ૬૫૦ મીટર લંબાઈ ની એમ.એસ. પાઈપ લાઈનનું સિવિલ એન્જીનીયરીંગ બાંધકામ પ્રોજેક્ટ કરવાનું કામ , વોર્ડ નં.૩ માં જંકશન પ્લોટ તેમજ કોલસાવાડી વિસ્તારને ડામર રીકાર્પેટ કરવાનું કામ , સોખડા ખાતે આવેલ સર્વે ન.-૧૦ અને ૧૧ની જમીન ફરતે કમ્પાઉન્ડ વોલ કરવાનું તથા ઓફીસ કામ , વોર્ડ નં૪ મા ટીપી ૩૧ મા ટીપી રોડ મેટલીંગ કરવાનું કામ, વોર્ડ નં.૩ માં મહર્ષિ દયાનંદ સરસ્વતી ટાઉનશીપ પાસેનો ટી.પી. રોડ તથા રેલનગરમાં અન્ય મેટલીંગ થયેલ ટી.પી. રોડને ડામર કરવાનું કામ , વોર્ડ.ન.૧૮ મા બોલબાલા રોડની બન્ને બાજુ ફૂટપાથ કરવા અને રસ્તાની બન્ને બાજુ સાઈડ સોલ્ડર અને મેટલીંગ કરવાનું કામ , વોર્ડ.ન.૧૮ મા સાઈબાબા સર્કલથી ૨૪.૦૦ મી. ટી.પી. રોડ પર ઉતર બાજુ આવેલ સોસાયટીઓમા મેટલીંગ કરવાનું કામ, વોર્ડ નં.-૯માં નાગરીક બેંક થી સાધુ વાસવાણી મેઇન રોડ સુધી ૯૦૦ એમ.એમ. ડાયા સ્ટ્રોમ વોટર પાઇપ લાઇન નાંખવાનું કામ , વોર્ડ નં.૧૪ માં આવેલ કેનાલ રોડ પર આવેલ લલુડી વોકળી તથા જીનપ્રેસ તરફ જવાના રસ્તા પર આવેલ જુનવાણી નાલુ પહોળુ/નવું કરવા અંગે , મોરબી રોડ પર વેલનાથ પરામાં મેટલીંગ કરવાનું કામ , વોર્ડ નં ૪ મા ટીપી સ્કીમ નં ૧૭મા આવેલ ગણેશ પાર્ક તથા લાગુ ૧૫ મીટર તથા ૧૨ મીટર ટીપી રોડ પર ૨૫૦ ,૧૫૦ તથા ૧૦૦ મીમી ડાયા ડી.આઈ.પાઈપ લાઈન નાખી જરૂરી જોડાણ કરવાનું કામ , વોર્ડ નં.-૯માં રૈયા વોંકળામાં સવન એપાર્ટમેન્ટ થી રૈયા સ્મનશાન સુધી રીટેઇનીંગ વોલ કરવાનું કામ,વોર્ડ નં ૪ મા ભગવતીપરા શેરી નં ૫મા RMC સ્કુલની પાસે આવેલ જુના આરોગ્ય કેન્દ્ર ડીસમેન્ટલ કરી નવુ આરોગ્ય કેન્દ્ર બનાવવાનું કામ , વોર્ડ નં ૪ મા ટીપી સ્કીમ નં ૧૫મા ક્રિષ્ના સોસા.બી તથા તેને લાગુ ૧૮મીટર ૧૨મીટર તથા ૯મીટર ટીપી રોડ પર ૩૦૦,૨૦૦,૧૫૦ તથા ૧૦૦ મીમી ડાયા ડી.આઈ પાઇપ લાઈન નાખી જરૂરી જોડાણ કરવાનું કામ , વોર્ડ નં.૨ માં રેસકોર્ષ ખાતે સાયન્સ ભવન, શ્રી અરવિંદભાઇ મણિયાર ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર અને પ્રમુખ સ્વામી પ્લેનેટોરીયમને ઇલેકટ્રીફીકેશન વર્ક સહિત રીનોવેશન કરવાનું કામ , વોર્ડ નં.-૧૨માં આવેલ ૨૪.૦૦ મી. ટી.પી. રોડ પર શનેશ્વર પાર્કની પાછળનાં ભાગે બોકસ કલવર્ટ કરવાનું કામ, વોર્ડ નં.૦૭ માં રામનાથપરા ઇન્દીરાબ્રીજ પાસે રા.મ્યુ.કો. નાં પ્લોટમાં ફુલ બજાર બનાવવાનું કામ નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) ના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ

સાથોસાથ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ (રૂડા) ના  રૂડા વિસ્તારના માધાપર ગામે ભુગર્ભ ગટર, ટી.પી.-૯, ટી.પી-૧૭ અવધ રોડ અને ગોકુલ-મથુરા સોસાયટીના રસ્તાનું ડામર  કામ, રીંગરોડ-૨, ફેઝ-૨ ચે.૬૨૦૦ પર બ્રીજ, શિવાલય એપાર્ટમેન્ટ થી રીંગરોડ (મારૂતી સુઝુકી શોરૂમ) મોરબી બાયપાસને જોડતાં રસ્તાનું ડામર કામ, કાલાવડ રોડ થી હરીપર (પાળ) ગામને જોડતા રસ્તાનું ડામર કામ , ટી.પી.-૧૦ અને ટી.પી.-૧૭ નાં રીઝર્વેશન પ્લોટમાં કમ્પાઉન્ડ વોલ  , રૂડા વિસ્તારનાં વિવિધ ગામોમાં સી.સી. રોડ(ફેઝ-૨)નું લોકાર્પણ કરાયું હતું.

## રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) ના વિવિધ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

જયારે નારણકા અને વાજડીગઢ ગામના રસ્તાનું ડામર કામ, રૂડા ટ્રાન્સપોર્ટ નગર અને ગુંદા થી કુચીયાદડ (કુવાડવા સરધાર રોડ) સુધીના રસ્તાનું ડામર કામ  ,  આણંદપર બસ સ્ટેન્ડ થી અમદાવાદ નેશનલ હાઈવેને જોડતો સી.સી. રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ.

(જનસંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા